# 52

ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે વર્ગ–૨ ની મંજૂર જગ્યાઓ

***15/4/2188** શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૩૫ (અગ્રતા–૫૭ ) ના અનુસંધાને માન.મુખ્યમંત્રીશ્રી(ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે .–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી ખાતે વર્ગ–૨ ની કુલ–૬૭ મંજુર જગ્યાઓ પૈકી ૪૨ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ગ–૨ માં કુલ ૪ સીધી ભરતીથી અને ૦૩ બઢતીથી એમ કુલ ૦૭ જગ્યાઓ ભરવામાં આવી. |
| (૨) | ઉકત સ્થિતિએ ઉકત કચેરીમાં વર્ગ–૨ની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | ઉક્ત સ્થિતિએ કુલ ભરાયેલ જગ્યાઓ – ૩૦ અને ખાલી જગ્યાઓ– ૩૭ છે. |
| (૩) | ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (3) | બઢતીના ફાળાની જગ્યા પર નિયત અનુભવ ધરાવતા કર્મચારીઓ ઉપલબ્ધ ન થવાથી .<br>ભારત સરકારની નવી માર્ગદર્શિકા અનુસાર ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૦૬/૨૦૨૩ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ વિકલાંગતા અનુસાર રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરવાના હોવાથી. |
| (૪) | ઉકત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | બનતી ત્વરાએ |